ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાજ્યમાં ફટાકડા ફોડવા પર નિયંત્રણો

## ગુજરાતમાં પોલ્યુશન નડશે નહીં - ફટાકડા ફોડી શકાશે પણ જાહેરમાં નહીં : સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇનનું પાલન કરાશે, ગેરકાયદે વેચાણ કે સંગ્રહ કરી શકાશે નહીં, સરકારના જાહેરનામામાં નિયંત્રણો



ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં ફટાકડાનું પોલ્યુશન નડશે નહીં તેવું ગુજરાત સરકાર માને છે પરંતુ સાથે સાથે એમ પણ કહ્યું છે કે સિનિયર સિટીઝનને શ્વાસ લેવામાં તકલીફ ન થાય તે હેતુથી જાહેરમાં ફટાકડા ફોડી શકાશે નહીં. સરકારનો દાવો છે કે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે વિદેશથી ફટાકડા આયાત કરી શકાશે નહીં.

દેશમાં પોલ્યુશન અને કોરોના સંક્રમણના કારણે ફટાકડા ફોડવા સામે પ્રતિબંધ મૂકવા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે આદેશ કર્યો છે જેના અનુસંધાને દેશના પાંચ રાજ્યોએ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે પરંતુ ગુજરાત સરકારે ચોક્કસ સમયે ફટાકડા ફોડી શકાશે અને જાહેરમાં નહીં ફોડી શકાય તેવો આદેશ કર્યો છે

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ફટાકડા ફોડવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા ફટાકડા ફોડવા મામલે સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા માટેની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ફટાકડાની વિદેશથી આયાત કરવા પર પણ સરકાર દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ફટાકડાની ગેરકાયદેસર આયાત, વેચાણ અને સંગ્રહખોરી પર લગામ કસવા માટે ૧૪૪ની કલમ અનુસાર પ્રતિબંધાત્મક આદેશ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત ગેરકાયદેસર રીતે જે લોકો ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરશે તેમની સામે કાર્યવાહી કરવા બાબતે ગૃહ વિભાગ દ્વારા રાજ્યના તમામ રેન્જ^ ૨ અને કલેકટરને સૂચના આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર રાજ્ય સરકાર દ્વારા જાહેરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. લોકોએ દિવાળીની સાથે-સાથે અન્ય તહેવારો જેવા કે, ક્રિસમસ અને નૂતન વર્ષ દરમિયાન પણ ફટાકડા ફોડવા બાબતે આ તમામ સૂચનાઓનું

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાનું વાસ્તવિક ચિત્ર બિહામણું બને તે પહેલા સાવધાની જરૂરી

**સમયસર**

ગાંધીનગર શહેર અને જિલ્લામાં તંત્ર દ્વારા કોરોનાથી સંક્રમિતના આંકડા ભલે જે અપાતા હોય એ પરંતુ વાસ્તવિક ચિત્ર વિપરીત છે. ઠંડીના આગમનની સાથે સાથે કોરોનાનું સંક્રમણ પણ વધતુ રહ્યુ છે. કોઈ માને કે ન માને છેલ્લા દસ દિવસના આંકડાના આધારે આગામી દસ દિવસનું અનુમાન કરીએ તો સ્થિતિ બિહામણી દેખાય છે. અહીં ડર કે ભય ઉભો કરવાનો કોઈ આશય નથી. પરંતુ આગામી દિવસોમાં તહેવારોની ઉજવણીમાં સંયમ અને સતર્કતા જરૂરી છે એ માટેનો અણસાર આપીએ છીએ.

આજની જ વાત કરીએ તો શહેરમાં ૨૧ અને ગ્રામિણમાં ૧૫ કેસના આંકડા તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે પરંતુ વાસ્તવિકતા એ છે કે શહેરની ત્રણ ખાનગી લેબોરેટરી અને મહાનગર તથા સિવિલમાં થતાં ટેસ્ટીંગના આંકડા ચકાસી લઈએ તો ૪૭ પોઝીટીવ કેસ છે. કેટલા આંકડા બતાવવા, ક્યારે બતાવવા એ સરકારનો અબાધિત અધિકાર છે. દિવાળીના તહેવારોમાં વેપાર-ધંધાની ગતિ તુટે નહી અને સમાજમાં ભયનું વાતાવરણ ન ફેલાય એવો ઉમદા હેતુ સરકારનો હોઈ શકે પરંતુ સમાજ બિન્ધાસ્ત બનીને હરે-ફરે એ ચોક્કસ ચિંતાનો વિષય છે. દિવાળીના તહેવારોમાં જો સતર્કતા સાથે સંયમિત ઉજવણી નહી થાય તો દેવદિવાળી સુધીમાં ચિત્ર બિહામણુ બનશે.

દિવાળીના પર્વોમાં ખરીદી માટે ભીડભાડ વાળી જગ્યાએ જવાનુ ટાળવાનો વિવેક જાળવવો જોઈએ. ખાણી-પીણીમાં ખૂબ સંયમિત બનીને પસંદગીના સ્થળોએ જવાનુ હિતાવહ રહેશે અને બને તો ઘરે બનાવેલી વાનગીઓ ખાવાનો આ દિવાળીએ આગ્રહ રાખવો. ફટાકડા ફોડવા કે ન ફોડવા તેનો વિવેક જાળવવાની જરૂરીયાત ઉભી થઈ છે. ફોડવા

**દિવાળીના પર્વોમાં કોરોનાનું ગ્રહણ ન લાગે તે માટે સતર્કતા જરૂરી ?**

જ હોય તો સંયમપૂર્વક અને યોગ્ય માત્રામાં ફોડવાની અનિવાર્યતા સર્જાઈ છે. આમ ફટાકડા વર્ષોની પરંપરા છે પરંતુ એકાદ વર્ષ ઓછા ફોડાય કે ન ફોડાય તો જીવનના ક્રમમાં મોટો ફરક નહી પડે. દિવાળીની ઉજવણી આનંદની અભિવ્યક્તિ હોવી જોઈએ નહી કે દંભ દેખાડાનુ પેલ્ટફોર્મ.

ગાંધીનગર શહેર શિક્ષિત નાગરિકોનું શહેર છે ત્યાં નીતિ નિયમો ઘડાય છે. આખા રાજ્યની નજર જે નગર પર કેન્દ્રિત થાય છે એ ગાંધીનગરના સુજ્ઞ નાગરિકો કોરોનાકાળમાં કેવી રીતે દિવાળીની ઉજવણી કરે છે એ એક ઉદાહરણીય બનશે. ઉમંગનું પર્વ છે પરંતુ સંયમપૂર્વક ઉમંગની અભિવ્યક્તિ એ શાણપણ બની જશે. કોરોનાનુ વાસ્તવિક ચિત્ર બિહામણુ બને એ પહેલાં સાવચેતી જરૂરી છે... દિવાળી ઉજવીશુ પરંતુ માસ્ક, સેનેટાઈઝર અને સોશીયલ ડિસ્ટન્સીંગ સાથે...

# શહેરમાં કોરોના દર્દીઓની સંખ્યા ૨ હજારની નજીક

## આજે ત્રણ દંપત્તિ સહિત ૨૧ દર્દીઓ મળી આવ્યા : શહેરમાં આજે સે. ૩ માંથી ૫, સે. ૭ માંથી ૩, સે. ૧૩ માંથી ૩, સે. ૨૧, ૨૨ અને સે. ૬ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૧૬, ૨૩ અને ૨૬ માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૨૧ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧૯૯૮ થઈ છે અર્થાત્ હવે ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના કેસોની સંખ્યા ૨ હજારની નજીક પહોંચી ગઈ છે.

શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શક્યતાઓ વધુને વધુ દૃઢ થઈ રહી છે. છેલ્લા દસ દિવસમાં આજે પહેલીવાર એક જ દિવસમાં ૧૦ મહિલાઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં મોટી વયના લોકો અને મહિલા દર્દીઓ જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. હોમ આઈસોલેશનમાં ૧૫૦ થી વધુ દર્દીઓ હોવાથી તંત્રની કામગીરીમાં વધારો થયો છે.

શહેરમાં આજે સે. ૩ માંથી ૫, સે. ૭ માંથી ૩, સે. ૧૩ માંથી ૩, સે. ૨૧, ૨૨ અને સે. ૬ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૧૬, ૨૩ અને ૨૬ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સે. ૧૩ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. આજે મળેલા કેસમાં એક દંપત્તિ પણ કોરોનાની ઝપેટમાં આવી ગયુ છે. ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગી તેમજ ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માંથી ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૬ માંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨ માંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે ૩૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ડીએસપી ઓફિસમાં ફરજો બજાવતા ૪૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૪ કેસ

## ગાંધીનગરમાં ૮, માણસા-કલોલ-દહેગામમાં બે બે કેસ, જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૬૯ દર્દીઓ કોરોનામુક્ત થયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૪ દર્દી મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત કેસોની સંખ્યામાં ચડાવ-ઉતારની સ્થિતિથી તંત્રની ચિંતા વધી રહી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં હાલ ૯૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. ગ્રામીણ વિસ્તારમાં મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગરમાંથી ૮, દહેગામમાંથી ૨, માણસામાંથી ૨ અને કલોલમાંથી બે કેસ આજે મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામેથી ૨૮ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અડાલજ ગામેથી ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કુડાસણ ગામેથી ૫૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

રાયસણ ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૩૦ વર્ષીય યુવાન અને ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

વડોદરામાંથી ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે બે કેસ મળી આવ્યા છે. એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યો છે.

બાબરા ગામેથી ૩૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન વિસ્તારમાંથી ૩૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. ઈટાદરા ગામેથી ૩૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આનંદપુરા વેડા ગામેથી ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે પીએમ મોદી ઘોઘા રો-પેક્સ ફેરીનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે

સુરત,તા.૭

ઘોઘા-હજીરા રો-પેક્ષ સેવાને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં





૩૮૦૦ મુસાફરોનું બુકિંગ થઈ ચૂક્યું છે. હવે ૮ નવેમ્બરે પીએમ મોદીના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ થશે. બીજી બાજુ હજુ તો હજીરાની ફેરી શરૂ નથી થઈ ત્યાં કંપની દ્વારા હજીરાથી દીવ અને પીપાવાવની રો-પેક્ષ ફેરી શરૂ કરવાની તૈયારી કરી રહી છે.

મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હજીરા-ઘોઘા રો-પેક્સ ફેરી સર્વિસની શુભ શરૂઆત આવતી કાલે થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રો-પેક્સ ફેરીનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે. ૨૪ કલાકમાં જ ૩૮૦૦ યાત્રી અને ૧૭૦૦ વાહનોનું બુકિંગ થયું હોવાનું જાણવા મળ્યું છે. રવિવારે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેવાના છે. ઉપરાંત કેન્દ્રિય મંત્રી મનસુખ મંડાવીયા પણ સુરતના હજીરા સ્થિત અદાણી પોર્ટ પર હાજર રહેશે. સુરત હજીરા-ઘોઘા રોરો ફેરીનુ જહાજ પોર્ટ પર આવી ગયુ છે. ભારતમાં પહેલુ એવુ જહાજ છે જેમાં વાહનો સાથે પેસેન્જર જઈ શકે તેવી સુવિધા છે.

પેસેન્જર માટે બિઝનેસ ક્લાસ, એક્ઝિક્યુટીવ ક્લાસ અને ઈકોનોમી ક્લાસ છે. ૪ કલાકમાં તેઓ હજીરાથી ઘોઘા પહોંચી જશે. જહાજમાં ૫૦ ટ્રક, ૧૦૦ કાર, ૫૦ બાઈક, ૫૦૦ મુસાફર અને ૩૪ ક્રૂ મેમ્બર એક સાથે ફેરી સર્વિસમાં રવાના થઈ શકશે. રોરો ફેરીથી ઘોઘા અને હજીરા વચ્ચેનુ ૩૭૦ કિમીનું અંતર ૯૦ કિમીમાં પૂર્ણ થઈ જશે. સુરતથી સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રથી સુરત આવનારા મુસાફરોને સમયની બચત થશે. સુરત હજીરાથી – ઘોઘા ફેરી સર્વિસના ટ્રાયલ રનમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ગાય-ભેંસ વર્ગના તમામ પશુઓમાં ઈઅર ટેગિંગ કેમ્પેઈન

## હવે ખાસ ઇઅર ટેગ બનશે પશુઓનું આધાર કાર્ડ

ગાંધીનગર, તા. ૭

ભારત સરકારના ઈન્ફર્મેશન નેટવર્ક ફોર એનિમલ પ્રોડક્ટીવીટી એન્ડ હેલ્થ કાર્યક્રમ (INAPH) હેઠળ ગાંધીનગર જિલ્લામાં ગાય તેમજ ભેંસ વર્ગના અંદાજીત ૪ લાખ જેટલા પશુઓને કાનમાં ટેગ લગાડવાની કામગીરી પશુપાલન વિભાગ દ્વારા ઝુંબેશ સ્વરૂપે શરૂ કરવામાં આવેલ છે. આ ઈઅર ટેગિંગ એક પ્રકારે પશુઓના આધાર કાર્ડ સમાન છે. જેમાં દરેક પશુને કાનમાં ઈઅર ટેગ લગાડી બારકોડેડ યુનિક આઈડેન્ટિફિકેશન આપી તેની ઓળખ, ઉંમર, વેતર, માલીકનું નામ, ગામ, મોબાઈલ નંબર વગેરે વિગતો આ માટેના ખાસ સોફ્ટવેરમાં નોંધવામાં આવશે.

જેના થકી પશુનાં વેક્સીનેશન, કૃત્રિમ બીજદાન, ડિવમિંગ વગેરેને લગતી આનુસાંગિક માહિતી સરળતાથી ઉપલબ્ધ થશે તેમજ ભવિષ્યમાં અછત, પુર, અતિવૃષ્ટિ કે અન્ય કોઈપણ ડિઝાસ્ટર અંતર્ગત પશુઓને સહાય તેમજ નુકશાન, મૃત્યુ વખતે વળતર, લોન, સરકારી યોજના વગેરે વિવિધ કામગીરી સમયસર કરવા માટે આ ઈઅર ટેગિંગ આધારરૂપ સાબિત થશે. પશુઓને કાનમાં લગાડવાના ઈઅર ટેગ યોગ્ય રીતે કાનની મધ્યભાગમાં લાગે તે માટે પશુપાલક દ્વારા પોતાના પશુને બાંધીને નિયંત્રિત કરવામાં આવે તે જરૂરી છે.

જે માટે પશુપાલક તેના તમામ પશુઓને બાર કોડેડ ઈઅર ટેગ લગાવી દેવડાવે અને તે માટે આવનાર પશુપાલન સ્ટાફને દરેક પશુપાલક સંપૂર્ણ સહકાર આપે તેવી ડૉ. એસ.આઈ. પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી ગાંધીનગર દ્વારા અપીલ કરાઈ છે.

# અમદાવાદ એરપોર્ટનું સંચાલન ૫૦ વર્ષ માટે અદાણીને હવાલે

## સત્તાવાર રીતે આગામી ૧૦મી નવેમ્બરથી સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટનું સંચાલન અદાણીના હસ્તક

અમદાવાદ, તા. ૭

અમદાવાદ એરપોર્ટ સહિત સાત એરપોર્ટનુ ખાનગીકરણ કરાયુ છે. અમદાવાદ એરપોર્ટને હસ્તગત કરવા માટેની કામગીરી છેલ્લા આઠ મહિનાથી ચાલી રહી હતી. તે દરમ્યાન કેટલીક અડચણો પણ આવી હતી. જે સીઆઈએસએફના જવાનોની મોટી સંખ્યાને લઈને હતી. ૧૦ નવેમ્બરથી સત્તાવાર રીતે અમદાવાદનુ એરપોર્ટ અદાણી ગ્રુપ પાસે જતુ રહેશે, એવી અગાઉ જાહેરાત કરાઈ હતી. તે મુજબ એરપોર્ટની કોન્ટ્રક્ટ મુજબ કામગીરી સમજવા માટે અદાણી ગ્રુપના અધિકારીઓ એરપોર્ટની બિલ્ડીગમાં ચાર્જ પણ સંભાળી લીધો છે. એરપોર્ટ,સિક્યુરિટી સહિતના સ્ટાફને તાલીમ આપી દેવામાં આવલી છે. અમદાવાદ એરપોર્ટ પર અદાણી ગ્રુપના બેનર્સ લાગ્યા છે. બેરીકેટ્સ ,એન્ટ્રી ગેટ, એકઝીટ ગેટ સહીત અદાણી ગ્રુપના બેનર લાગયા છે.

શુક્રવારની મધ્યરાત્રિથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ



આજથી અમદાવાદ એરપોર્ટનું સંચાલન અદાણી ગ્રુપને સોંપી દેવામાં આવ્યું છે. આજથી અદાણી ગ્રૂપ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડનું ૫૦ વર્ષ માટે સંચાલન કરશે. એરપોર્ટનું સંચાલન અદાણી ગ્રૂપે પોતાના હાથમાં લઈ લીધું છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ શુક્રવારે એક નિવેદનમાં આ માહિતી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

**વેચાણ / ભાડે આપવાના છે**

**અંશાપરીમાં ફ્લેટ વેચાણ / ભાડે આપવાના છે. 2BHK / 1 BHK**

વિસામામાં લગ્ન પ્રસંગ તથા પ્રોગ્રામમાં રૂમો, ઓપન જગ્યા, સ્ટેજ ભાડે મળશે.

પોલીસ સ્ટેશન નજીક, અંશાપરી ડે સ્કૂલની બાજુમાં, અંબા માતાજીના મંદિરની બાજુમાં, ૧૧ શિખરી દેરાસરની બાજુમાં, તલોદ કેશરપુરા રોડ

Contact No. 09820035517 / 09324425948

**નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નીફ્ટ), ગાંધીનગર.**

(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)

નીફ્ટ કેમ્પસ, ઘ-૦ રોડ પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭.

હસ્તકલા અને હાથશાળની ચીજવસ્તુનાં વેચાણ માટે જાહેર નિમંત્રણ

**"શિલ્પ મેળો ૨૦૨૦"**

ગુજરાતની વિવિધ કલાઓને પ્રોત્સાહન પુરું પાડવા માટે નીફ્ટ ગાંધીનગર દ્વારા હસ્તકલા અને હાથશાળની ચીજવસ્તુઓના વેચાણ માટે **તારીખ ૬-૧૧-૨૦૨૦ થી ૮-૧૧-૨૦૨૦ના** રોજ સમય ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી શિલ્પ મેળો ૨૦૨૦ નું આયોજન કરેલ છે. જેની મુલાકાત લેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

નોંધ :- પ્રવેશ માટે દરેક મુલાકાતીઓએ માસ્ક પહેરવું ● ડિઝીટલ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ છે. ● તેમજ મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરેલ હોવી ફરજીયાત છે.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં

**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ**

EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એકસ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

**ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)**

ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)

● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

**સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**

ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon

- દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
- હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

**મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)**

ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)

● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

**પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**

ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon

● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

**કાન, નાક, ગળા વિભાગ** (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)

ડૉ. આશીલ માણાવદરીયા MS ENT

● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

**ન્યુરો સર્જરી વિભાગ** (દર બુધવાર, બપોરે ૩ થી ૫)

ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon

● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com